મધ્યાહન ભોજન યોજનામાં બચત જથ્થામાંથી સુખડી આપવાની યોજનાની વહીવટી મંજૂરી આપવા બાબત.
સને ૨૦૧૩-૧૪:નવી બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૩/૪૩/૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૬ /૦૬/૨૦૧૩

**વંચાણે લીધા:-**

**(૧)** શિક્ષણ વિભાગના તા.૧૫/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/૨

**(૨)** શિક્ષણ વિભાગના તા.૨૭ /૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૬૪૩/૨

**(૩)** શિક્ષણ વિભાગના તા.૧ /૦૨/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૦૯/૧૫૯૪ /૨

**(૩)** કમિશ્નરશ્રી મ.ભો.યો. ના તા.૨૧/૩/૨૦૧૨ ના પત્ર ક્રમાંક: મભય/અમલ-૪/૩૦૪૩/અને તા.૧/૫/૨૦૧૩ના પત્ર ક્રમાંક:મભય /અમલ-૪/૫૫૯૧

**પ્રસ્તાવના –**

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પોષ્ટીક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન આપવામાં આવે છે. હાલમાં આપવામાં આવતા અનાજના જથ્થામાંથી બચત રહેતા અનાજ (ઘઉં ) નો સુચારુ વપરાશ થઇ શકે તેમજ બાળકોની હાજરી વધે અને શાળા છોડી જનાર બાળકોની સંખ્યામાં ઘટાડો થાય તે ઉદ્દેશથી મધ્યાહન ભોજન ઉપરાત ઘઉં, ગોળ, તેલમાંથી સુખડી, લાપસી, શીરો અને સ્થાનીક વિસ્તારના સ્વાદ અનુસારની વાનગીઓ જીલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમ મોનીટરીંગ કમીટી નક્કી કરે તે મુજબ બનાવી શકાય, તેવી સલાહ તજજ્ઞોની બનેલી સમિતિએ આપેલ હતી. આ સલાહ ધ્યાને લઇ મ.ભો.યો.હેઠળ અઠવાડિયે એકવાર સુખડી બાળકોને આપવાની યોજના બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી,જે સંદર્ભમાં કાળજી પૂર્વકની વિચારણા બાદ આ યોજના માટે સને ૨૦૧૩-૧૪ના અંદાજ પત્રકમાં કરાયેલી નવી બાબતની રુ.૧૮૭૦.૧૩ લાખની રકમને નીચે મુજબની વિગતે મંજૂરી આપવામાં આવે છે.

**ઠરાવ :-**

સુખડી ઘઉંનો લોટ, તેલ અને ગોળમાંથી બનાવવાની રહેશે. આ સાથેના નીચે મુજબના ટેબલમાં દર્શાવેલ જથ્થા પ્રમાણે ખાદ્ય પદાર્થનો જથ્થો તેમજ કુકીંગ કોસ્ટ, બળતણ વગેરેનો વપરાશ કરવાનો રહેશે.

| અ.નં. | ખાદ્ય પદાર્થ | ભાવ પર કિલો/ ટીન રુપિયામાં | જથ્થાં (પ્રમાણ) (ગ્રામમાં) | | સુખડીનો કુકીંગ કોસ્ટનો દર રુપિયામાં | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધોરણ ૧ થી ૫ | ધોરણ ૬ થી ૮ | ધોરણ ૧ થી ૫ | | ધોરણ ૬ થી ૮ | |
| | | | | | સરકારી શાળા | N.G.O | સરકારી શાળા | N.G.O |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ઘઉં | ૦ | ૨૦ | ૨૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ગોળ | ૪૦ | ૧૫ | ૨૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૦.૮૦ | ૦.૮૦ |
| ૩ | કપાસિયા તેલ ટીન(૧૫ કિ.ગ્રા.) | ૧૧૮૦ | ૧૦ | ૧૦ | - | ૦.૭૯ | - | ૦.૭૯ |
| ૪ | બળતણ | ૦ | ૦ | ૦ | ૦.૧૪ | ૦ | ૦.૨૦ | ૦ |
| | કુલ | | ૪૫ | ૫૫ | ૦.૭૪ | ૧.૩૯ | ૧.૦૦ | ૧.૫૯ |

સંદર્ભ-(૧)ના ઠરાવથી નિયત થયા મુજબ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી દીઠ દૈનિક ૧૦ ગ્રામ ખાદ્ય તેલ આપવામાં આવે છે. આમ બાળક દીઠ રોજિંદા તેલના ઉપલબ્ધ જથ્થા ૧૦ ગ્રામમાંથી ૨ ગ્રામ તેલ અઠવાડિયામાં એક દિવસ સુખડી આપવા માટે ઉપયોગમાં લેવાનું રહેશે. બાકી રહેતું રોજિંદુ દૈનિક બાળક દીઠ ૮ ગ્રામ તેલ મધ્યાહન ભોજનની મેનુ મુજબની વાનગીમાં વાપરવાનું રહેશે. જેથી સુખડી પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર પર વધારાના બોજા તરીકે પ્રાયમરી અને અપર પ્રાયમરી બંને મળી તેલના રૂ ૧૫૯.૯૦ લાખ, ગોળના રૂ.૧૪૦૪.૭૭ લાખ તેમજ બળતણના રૂ. ૩૦૫.૪૬ લાખની મળી કુલ ૧૮૭૦.૧૩ લાખની વહીવટી મંજૂરી આપવા નીચે દર્શાવેલ વિગત બાબતે દરખાસ્ત વિચારણા હેઠળ હતી .

પુખ્ત વિચારણાને અંતે ઉપર મુજબ અનાજ તેમજ તેલના બચત જથ્થામાંથી મધ્યાહન ભોજનના લાભાર્થી બાળકો (N.G.O.સાથે)ને અઠવાડીક એક દિવસ સુખડી આપવાની યોજના સને-૨૦૧૩-૧૪ માંગણી નં.૯ અંદાજપત્રમાં પ્લાન સદરે ડિમાન્ડ-૯ નવી બાબતે વાર્ષિક અંદાજે રૂ. ૧૮૭૦.૧૩ લાખની જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ ચાલુ નાણાકિય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) ભારત સરકાર આ યોજના માટે સહાય પુરી પાડે તે માટે વિભાગ/ કમિશનરશ્રી મ.ભો.યો. કક્ષાએથી પ્રયત્ન કરવાનો રહેશે.

(૩) મધ્યાહન ભોજન યોજનાના મૂળ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

(૪) આ યોજના અંગેનું ખર્ચ રાજય સરકારના વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો ની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો રાજય સરકારની પ્રર્વતમાન ધારાધોરણો અને નીતિ નિયમોનુંસાર કરવાની રહેશે.

(૬) શિક્ષણ વિભાગના તા.૧૫/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/ર મુજબ મ.ભો.યો.ના લાભાર્થી દીઠ એક દિવસનું તેલ ૧૦ (દસ) ગ્રામમાં આપવામાં આવે છે જેમાંથી ર (બે) ગ્રામ તેલ × ૨૩૦ ભોજન દિવસ × લાભાર્થીઓની સંખ્યાના આધારે કપાસીયા તેલ સુખડી માટે વાપરવાનું રહેશે.

(૭) શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક-મભય/૧૦૨૦૧૦/૬૪૩/ર થી કુકીંગ કોસ્ટ ધો.૧ થી ૫ માટે રુ.૨.૫૦ અને ધો.૬ થી ૮ માટે રુ.૩.૭૫ નક્કી કરેલ છે જે થી સુખડીના પ્રોજેકટ માટે કુકીંગ કોસ્ટ ધો.૧ થી ૫ માટે રુ.૧.૩૯ અને ધો.૬ થી ૮ માટે રુ.૧.૫૯ મુજબનો વધારાની રકમ લાભાર્થીઓની સંખ્યાને આધારે સંબધિત સ્વૈચ્છીક સંસ્થા (N.G.O.)ને અલાયદી ચુકવાની રહેશે.

(૮) દર ગુરુવારે મધ્યાહન ભોજન યોજના અંતગર્ત રસોઇયા દ્વારા રસોઇ બનાવ્યા બાદ સુખડી બનાવવાની રહેશે અને લાભાર્થીઓને નિયમિત ભોજન લીધાના બે કલાક બાદ સુખડી તાજી પીરસવાની રહેશે.

(૯) શિક્ષણ વિભાગના તા.૧૫/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/ર મુજબ પેશગીની રકમમાંથી શાકભાજી,મરી-મસાલા અને બળતણની ખરીદી કરવામાં આવે છે તે પધ્ધતિથી સ્થાનિક કક્ષાએથી ગોળની ખરીદી સંચાલક કરવાની રહેશે.

**(૧૦)** સુખડી માટે સારી ગુણવત્તાનો ખાદ્યગોળ ખરીદવાનો રહેશે અને ગોળની ગુણવત્તા અંગે મુખ્ય શિક્ષકશ્રીએ ખાત્રી કરવાની રહેશે.

**(૧૧)** સુખડી પ્રોજેક્ટ ના અમલનું સંચાલન સારી રીતે થાય તે અંગે મુખ્ય શિક્ષકશ્રીએ જરૂરી કાળજી રાખવા અને **મોનીટરીંગ** કરવાનું રહેશે તેમજ આ અંગેના અંગેના હિસાબઓનું અલગથી રજીસ્ટર નિભાવવનું રહેશે.

આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૩૧/૦૫/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રણજીતકુમાર સિંહ, I.A.S.)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેક્ટ ફાઇલ.